GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# સોશિયલ મીડિયા અને સાહિત્યના સ્વરૂપો: ગુજરાતી ભાષા સાહિત્ય પર ડિજિટલ યુગનો પ્રભાવ

સોનલબેન ગોરધનભાઈ પરમાર
પીએચ.ડી સંશોધક, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,ગોધરા
Email: sonalsonal948@gmail.com મો.નંબર:8320653311

## સારાંશ

ડિજિટલ યુગમાં ગુજરાતી સાહિત્યનું સ્વરૂપ ઝડપી ગતિએ બદલાઈ રહ્યું છે. પરંપરાગત સાહિત્ય છપાયેલ પુસ્તકો અને સામયિકોમાં મર્યાદિત રહેતું, જ્યારે ડિજિટલ સાહિત્ય સોશિયલ મીડિયા, બ્લોગ, ઈ–બુક અને વેબસાઈટના માધ્યમથી વૈશ્વિક સ્તરે પહોંચવા લાગ્યું છે. આ સંશોધન પેપરમાં પરંપરાગત અને ડિજિટલ સાહિત્યની તુલના કરવામાં આવી છે, જેમાં વાચનનો અનુભવ, પ્રસારનું માધ્યમ, ગુણવત્તા નિયંત્રણ, વાચક પર અસર અને સાહિત્યના સ્વરૂપો જેવા પાસાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ અભ્યાસ દર્શાવે છે કે જ્યાં પરંપરાગત સાહિત્ય ઊંડાણ, ચિંતન અને સંશોધનપ્રવૃત્તિ માટે યોગ્ય છે, ત્યાં ડિજિટલ સાહિત્ય ઝડપી પ્રસાર, વ્યાપક વાચકવર્ગ અને સર્જનાત્મક સ્વતંત્રતા માટે અનુકૂળ છે. આમ, બંને પ્રકારનું સાહિત્ય આધુનિક સમયમાં પરસ્પર પૂરક બનીને વાચકો અને લેખકો માટે નવી તકો ઊભી કરે છે.

**ચાવીરૂપ શબ્દો:** ગુજરાતી સાહિત્ય, સોશિયલ મીડિયા,ડિજિટલ સાહિત્ય,ઈ બુક, વાચક સંસ્કૃતિ.

## પરિચય

માનવ સંસ્કૃતિના વિકાસમાં સાહિત્યનું મહત્વનું સ્થાન રહ્યું છે. સાહિત્ય માત્ર કલાત્મક અભિવ્યક્તિ નથી પરંતુ સમાજના વિચારો, મૂલ્યો અને અનુભવનું પ્રતિબિંબ છે. ગુજરાતી સાહિત્યે પણ પ્રાચીન કાળથી લઈને અર્વાચીન યુગ સુધી સમાજને દિશા, દ્રષ્ટિ અને પ્રેરણા આપેલી છે. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ મહાકાવ્યો, નવલકથાઓ, કાવ્યો, લોકગીતો અને સામયિકો વડે સમૃદ્ધ રહ્યો છે. પરંતુ 21મી

સદીના ત્રીજા દાયકામાં સાહિત્યનો પ્રસાર ડિજિટલ માધ્યમો દ્વારા ઝડપથી વધી રહ્યો છે.આજના વાચક પાસે પુસ્તક વાંચવાનો સમય ઓછો છે, પરંતુ મોબાઈલ અને સોશિયલ મીડિયા પર સાહિત્યનો સંપર્ક વધુ છે. આ પરિસ્થિતિ સાહિત્યના સ્વરૂપોને બદલતી જાય છે. આજના ડિજિટલ યુગમાં સાહિત્યના સ્વરૂપ, અભિવ્યક્તિ અને પ્રસારણમાં ક્રાંતિકારી પરિવર્તનો જોવા મળે છે. ઈન્ટરનેટ, સોશ્યલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ્સે સાહિત્યને નવી ઊંચાઈ આપી છે, પરંતુ સાથે કેટલાક પડકારો પણ ઊભા કર્યા છે.

## સંશોધન ના ઉદ્દેશો:

1. સોશિયલ મીડિયાએ ગુજરાતી સાહિત્યને કયા નવા સ્વરૂપ આપ્યા છે તે શોધવું.
2. સોશિયલ મીડિયા દ્વારા સાહિત્યના પ્રસારની વિશિષ્ટતાઓ સમજાવવી.
3. પરંપરાગત સાહિત્ય અને ડિજિટલ સાહિત્યની તુલના કરવી.
4. સોશિયલ મીડિયા સાહિત્યના ગુણવત્તાત્મક પરિબળોનું વિશ્લેષણ કરવું.

## સંશોધન પ્રશ્નો / પરિકલ્પના

શું સોશિયલ મીડિયા સાહિત્યિક સર્જનને વધુ લોકપ્રિય બનાવે છે?

શું ડિજિટલ સાહિત્ય પરંપરાગત સાહિત્યના સ્થાનને બદલી શકે છે?

શું ડિજિટલ માધ્યમ ગુણવત્તા કરતાં માત્ર લોકપ્રિયતાને વધારે પ્રોત્સાહન આપે છે?

## પદ્ધતિશાસ્ત્ર

આ સંશોધન સર્વે પદ્ધતિથી હાથ ધરવામાં આવ્યું હતું.

## માહિતી એકત્રીકરણ

પ્રાથમિક માહિતી : ઓનલાઈન સર્વે (૧૦ ગુજરાતી બ્લોગરો, ૨૫ વાચકો, ૧૦ પ્રકાશનો)

ગૌણ માહિતી: સંશોધન લેખો, ઈ–જર્નલ, ગુજરાતી સાહિત્ય વેબસાઈટ. પરથી માહિતી એકત્રીકરણ કરવામાં આવ્યું હતું.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

### નમૂનો

૧૦ ગુજરાતી બ્લોગરો, ૨૫ વાચકો, ૧૦ પ્રકાશનોને નમૂના માટે પસંદ કરવામાં આવ્યા હતા.

### માહિતી વિશ્લેષણ પદ્ધતિ

તુલનાત્મક પદ્ધતિ અને વર્ણનાત્મક પદ્ધતિ નો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### ચર્ચા

### 1. સોશિયલ મીડિયા પર સાહિત્યના નવા સ્વરૂપો

ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા માત્ર મનોરંજન કે માહિતી આપવાનું માધ્યમ નથી, પરંતુ તે સાહિત્ય સર્જન અને પ્રસાર માટે પણ એક મોટું મંચ બની ગયું છે. આજના સમયમાં અનેક નવા સ્વરૂપો વિકસ્યાં છે:

**બ્લોગ લેખન:** સાહિત્યકારો તેમના વિચારો, વાર્તાઓ, કાવ્યો અને નિબંધોને બ્લોગ દ્વારા વિશ્વભરમાં પહોંચાડે છે. બ્લોગિંગથી લેખકોને તાત્કાલિક પ્રતિસાદ મળે છે અને વાચકો સાથે સીધી સંવાદ સ્થાપિત થાય બ્લોગ દ્વારા વ્યક્તિગત અનુભવ, વાર્તા, નિબંધ અથવા કવિતા તરત જ વૈશ્વિક સ્તરે પોહચી જાયછે . કોઈપણ વ્યક્તિ પોતાનું લખાણ સીધું જ વાચકો સુધી પહોંચાડી શકે છે.

**YouTube વાર્તા–વાંચન** – અનેક યુવા સર્જકો વાર્તા કે નવલકથાના અંશોનું વાંચન કરીને YouTube પર મૂકે છે. આથી સાંભળીને સાહિત્ય માણવાની નવી સંસ્કૃતિ વિકસે છે.ઘણા યુટ્યુબર વાર્તાઓને મૌખિક સ્વરૂપે રજૂ કરે છે. આથી, સાહિત્ય ફક્ત લખાણ સુધી મર્યાદિત નથી, પરંતુ તે શ્રાવ્ય–દૃશ્ય માધ્યમ દ્વારા પણ લોકપ્રિય બની રહ્યું છે.

**ઑડિયો બુક અને પૉડકાસ્ટ:** પુસ્તકોને સાંભળવા યોગ્ય સ્વરૂપ (Audio Book) તથા સાહિત્ય સંબંધિત ચર્ચા (Podcast) આજના યુગમાં વાચન–શ્રવણ બંને અનુભવ આપે છે. આ ખાસ કરીને તેઓ માટે લાભદાયી છે જે લાંબા લખાણ વાંચી શકતા નથી પરંતુ સાંભળી શકે છે. ટેક્નોલોજીના વિકાસ સાથે

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

હવે લોકો સફર દરમ્યાન કે ફુરસદમાં સાહિત્ય સાંભળી શકે છે. આથી દ્રષ્ટિહીન વાચકો માટે પણ સાહિત્ય સુલભ બન્યું છે.

## 2. સાહિત્યના પ્રસાર પર પ્રભાવ

ડિજિટલ માધ્યમોએ સાહિત્યના પ્રસારની ગતિ અને વ્યાપકતા બંનેમાં પરિવર્તન લાવ્યું છે.

**સાહિત્ય તરત જ વૈશ્વિક સ્તરે પહોંચે છે** – અગાઉ એક પુસ્તક છપાતું અને થોડાં વાચકો સુધી મર્યાદિત રહેતું. હવે એક જ કવિતા કે લેખ સોશિયલ મીડિયા દ્વારા થોડી જ ક્ષણોમાં વિશ્વના લાખો લોકો સુધી પહોંચી શકે છે.

**યુવા પેઢી ટૂંકા સ્વરૂપના સાહિત્ય તરફ આકર્ષાય છે** – આજના યુગમાં સમયની અછતને કારણે યુવાનો ટૂંકાં કાવ્યો, કોટ્સ અને માઈક્રો–ફિક્શન તરફ વધુ આકર્ષાય છે. આથી સાહિત્યનું સ્વરૂપ પણ સંક્ષિપ્ત અને ચપળ બનતું જાય છે.

**પરંપરાગત પ્રકાશન ખર્ચાળ હોવાથી સોશિયલ મીડિયા વિકલ્પરૂપ** – પુસ્તક પ્રકાશન માટે ખર્ચ, સમય અને પ્રકાશકની મંજૂરી જેવી પ્રક્રિયા જરૂરી છે. પરંતુ સોશિયલ મીડિયા પર લેખક સીધો જ પોતાના સર્જનને વિશ્વ સુધી પહોંચાડી શકે છે, તે પણ મફતમાં.– આમ, પ્રસારની દૃષ્ટિએ ડિજિટલ માધ્યમોએ સાહિત્યને લોકતંત્રાત્મક (democratic) બનાવી દીધું છે.

## 3. ગુણવત્તા અને પડકારો

ડીજિટલ યુગમાં સર્જન સરળ બન્યું છે, પરંતુ તેના સાથે કેટલાક પડકારો પણ છે.

**લાભો:**

- નવા લેખકોને પોતાના સર્જન માટે ખુલ્લો મંચ મળે છે.
- પ્રકાશનની મર્યાદાઓ દૂર થઈને કોઈપણ પોતાના વિચારો દુનિયા સુધી પહોંચાડી શકે છે.
- વાચકોની ઝડપી પ્રતિસાદ પ્રક્રિયા લેખકોને પ્રોત્સાહિત કરે છે.
- સાહિત્યનો પ્રસાર ઝડપી અને વ્યાપક બની રહે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

**ગેરલાભ :**

- વાચકો લાંબી વાર્તાઓ કે નવલકથાઓ કરતા ટૂંકાં કોટ્સ અને મીમ્સ તરફ આકર્ષાતા હોવાથી ઊંડાણપૂર્વકનું વાચનની આદતને નુકસાન પોહચાડે છે.
- ઘણા સમયે ગુણવત્તા પર ધ્યાન ન રહેતાં સાહિત્ય માત્ર મનોરંજન પૂરતું જ રહી જાય છે.
- નકલનો ભંગ થતો રહે છે કારણ કે ઈન્ટરનેટ પર રચનાઓની નકલ થવાની શક્યતા વધારે છે
- આમ, ડિજિટલ માધ્યમો દ્વારા સાહિત્યની નવી દુનિયા ઊભી થઈ છે જેમાં સર્જન અને પ્રસારની અસંખ્ય તકો છે, પરંતુ સાથે જ ગુણવત્તા જાળવવા અને નકલ જેવા મુદ્દાઓને સંભાળવા માટે પ્રયત્નો જરૂરી છે

## ૪.પરંપરાગત સાહિત્ય અને ડિજિટલ સાહિત્ય ની તુલના

| માપદંડ | પરંપરાગત સાહિત્ય | ડિજિટલ સાહિત્ય |
|---|---|---|
| વાચનનું માધ્યમ | છપાયેલ પુસ્તકો, સામયિકો, પુસ્તકાલય | ઈ–બુક,બ્લોગ,PDF,વેબસાઈટ, એપ્સ |
| વાચનનો અનુભવ | પાનાં વાળવાની મજા, સ્પર્શનો આનંદ, ઊંડાણપૂર્વક વાંચન સ્ક્રીન પર વાંચન, ઝડપી ઍક્સેસ, ટૂંકા સ્વરૂપે વાંચન | સ્ક્રીન પર વાંચન, ઝડપી ઍક્સેસ, ટૂંકા સ્વરૂપે વાંચન |
| પ્રસારનું માધ્યમ | પ્રકાશક, છાપખાનું, મર્યાદિત વાચકવર્ગ સોશિયલ મીડિયા, ઈન્ટરનેટ, વૈશ્વિક પ્રસાર | સોશિયલ મીડિયા, ઈન્ટરનેટ, વૈશ્વિક પ્રસાર |
| ગુણવત્તા નિયંત્રણ | સંપાદન, પ્રકાશન, નિયંત્રણ | કોઈપણ વ્યક્તિ તરત પ્રકાશિત કરી શકે. |

| | | |
|---|---|---|
| વાચક પર અસર | વાચક પર અસર,ધીરજ, ચિંતન, વિશ્લેષણશક્તિ વિકસે | ઝડપી પ્રતિભાવ, ઊંડાણમાં ઘટાડો |
| સાહિત્યના સ્વરૂપો | નવલકથા, કાવ્યો, ગદ્યગ્રંથ | બ્લોગ, માઇક્રોફિક્શન, ડિજિટલ કાવ્યો, ઑડિયો–બુક |
| પહોંચ | મર્યાદિત – પ્રદેશ કે સમાજ સુધી | વૈશ્વિક – ઈન્ટરનેટથી સર્વત્ર |

## ૫.સોશિયલ મીડિયા સાહિત્યના ગુણવત્તાત્મક પરિબળોનું વિશ્લેષણ

સોશિયલ મીડિયા પર સાહિત્ય ઝડપથી વિકસતું જાય છે, પરંતુ તેની ગુણવત્તા અંગે પ્રશ્નો ઉભા થાય છે. ગુણવત્તાને સમજવા માટે નીચેના પરિબળો મહત્વપૂર્ણ છે:

### 1. ભાષા અને અભિવ્યક્તિની ગુણવત્તા

સોશિયલ મીડિયા પર ઘણી વાર અશુદ્ધ ભાષા, SMS-સ્ટાઈલ shorthand (જેમ કે "u", "gr8", "thnx" વગેરે) નો વધુ ઉપયોગ થાય છે.સાહિત્યમાં ભાષાની શુદ્ધતા, સુંદરતા અને અભિવ્યક્તિનો ઊંડાણભર્યો ઉપયોગ જરૂરી છે, પરંતુ સોશ્યલ મીડિયા સાહિત્યમાં એ ભાગે ઘટતો જોવા મળે છે.છતાં, નવા લેખકો પોતાની ભાષાને સરળ અને વાચક–મૈત્રી બનાવવાના કારણે વાંચનપ્રિયતા વધે છે.

### 2. વિષયવસ્તુની ઊંડાણતા

પરંપરાગત સાહિત્ય લાંબી વાર્તા, કાવ્ય અથવા નવલકથામાં માનવીય મનોભાવ, સામાજિક પ્રશ્નો કે તત્ત્વચિંતન જેવા વિષયો પર પ્રકાશ પાડે છે.સોશિયલ મીડિયા સાહિત્યમાં મોટાભાગે ટૂંકા Quotes, Micro-fiction, Status updates જોવા મળે છે, જેના કારણે ઊંડાણતા ઘણીવાર ઓછી રહે છે.

તેમ છતાં, ક્યારેક બે–ત્રણ વાક્યમાં જ લેખક પ્રબળ ભાવના અથવા ચિંતન રજૂ કરે છે, જેને કારણે સંક્ષિપ્તતા એક ગુણવત્તા બની જાય છે.

**3. સર્જનાત્મકતા અને નવીનતા**

સોશિયલ મીડિયા સર્જકોને તાત્કાલિક પ્રતિસાદ આપે છે, જેના કારણે તેઓ નવીન પ્રયોગો કરે છે – જેમ કે કવિતા–વિડિયો, Insta-Reels પર કાવ્યવાંચન, Audio-books વગેરે.આ પ્રકારના પ્રયોગો સાહિત્યમાં સર્જનાત્મકતાનો વિસ્તાર કરે છે.

પરંતુ ઘણી વખત નકલ અને પુનરાવર્તિત વિચારો સર્જનાત્મકતાને ઓછું કરી દે છે.

**4. પ્રામાણિકતા અને નકલ**

સોશિયલ મીડિયા પર રચનાઓને નકલથી બચવાનું રક્ષણ નથી. કોઈપણ રચનાને બીજું વ્યક્તિ પોતાના નામે રજૂ કરી શકે છે.આથી, સાહિત્યની ગુણવત્તા જાળવવા માટે પ્રામાણિકતા ખૂબ મહત્વપૂર્ણ પરિબળ છે.ઘણા નવા લેખકોને ઓળખ મળે છે, પરંતુ સાથે જ ઘણા સારા સર્જનો "નકલ" બનીને ગુણવત્તા ગુમાવે છે.

**5. વાચકોની વાંચન–આદત પર અસર**

સોશિયલ મીડિયા સાહિત્યનો વાચક વર્ગ મોટેભાગે ઝડપી અને ટૂંકું વાંચન પસંદ કરે છે.પરિણામે, લાંબા અને ઊંડાણપૂર્વકના વાંચનનો રસ ઘટે છે. આ વાંચન–સંસ્કૃતિના ક્ષયનું જોખમ છે.બીજી બાજુ, તેવા લોકો જે પુસ્તકો વાંચતા નહોતાં, તેઓ સોશિયલ મીડિયા મારફતે સાહિત્ય તરફ આકર્ષાય છે. એટલે કે, વાચકવર્ગનો વિસ્તાર પણ એક ગુણવત્તાત્મક પરિબળ છે.

**6. સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો**

સોશિયલ મીડિયા પર સાહિત્ય તત્કાલિક પ્રતિસાદી હોવાથી ઘણીવાર સામાજિક–સાંસ્કૃતિક મૂલ્યોની ઊંડાણપૂર્વક અભિવ્યક્તિ થતી નથી.છતાં, ઘણા નવા લેખકો વર્તમાન સામાજિક પ્રશ્નો, મહિલાઓના મુદ્દા, પર્યાવરણ, રાજકીય પરિસ્થિતિ જેવા વિષયોને સ્પર્શે છે, જે આધુનિક સંદર્ભમાં મૂલ્યવાન બની જાય છે.

## તારણો

1. સોશિયલ મીડિયા ગુજરાતી સાહિત્ય માટે અવસર અને પડકાર બંને છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

2. સર્જકોને વૈશ્વિક મંચ મળ્યો છે પરંતુ ગુણવત્તા જાળવવાની જવાબદારી વધેલી છે.

3. વાચક–લેખક વચ્ચે સીધો સંવાદ વધ્યો છે.

4. પરંપરાગત અને ડિજિટલ સાહિત્ય બન્નેનું સંકલન ભવિષ્ય માટે જરૂરી છે.

## નિષ્કર્ષ

ડિજિટલ યુગે ગુજરાતી સાહિત્યને નવા આકાશ આપ્યા છે. સાહિત્ય હવે માત્ર પુસ્તકના પાનાં સુધી મર્યાદિત નથી રહ્યું, પરંતુ વૈશ્વિક વાચકવર્ગ સુધી તરત પહોંચી શકે છે. લોકપ્રિયતા, વૈશ્વિકતા અને સુલભતા જેવા લાભો છે તેમ છતાં ગુણવત્તા, મૂળિયતા ના પ્રશ્નો અને આર્થિક મૂલ્ય જેવા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને સંતુલિત અભિગમ અપનાવવો જરૂરી છે. પરંપરાગત સાહિત્યની ઊંડાણ અને ડિજિટલ સાહિત્યની ઝડપ – બન્નેનો સંકલન જ આવનારા ગુજરાતી સાહિત્યના સુવર્ણભવિષ્યની ચાવી બની શકે છે.

## સંદર્ભસૂચિ


- જૉન, એ., અને જૉર્જ, ઇ. (2024). સોશિયલ મીડિયા અને ઇલેક્ટ્રોનિક સાહિત્યનો સાહિત્ય અભ્યાસ, ભાષા અભ્યાસ અને સાંસ્કૃતિક અનુરૂપતા પર પ્રભાવ: દક્ષિણ ભારતમાં કરાયેલ એક અભ્યાસ. વર્લ્ડ જર્નલ ઑફ ઇંગ્લિશ લેંગ્વેજ, 14(4), 546–558. https://doi.org/10.5430/wjel.v14n4p546
- શર્મા, એસ. (2023). ડિજિટલ મીડિયા દ્વારા સાહિત્ય સ્ત્રોતોના ઉપભોગ અને પ્રસારણ પર અસર. ઇન્ટરનેશનલ જર્નલ ઑફ રિસર્ચ ઇન કોમર્સ, આઇ.ટી., એન્જિનિયરિંગ એન્ડ સોશિયલ સાયન્સિસ, 17(11), 23–33. https://gejournal.net/index.php/IJRCIESS/article/view/1669
- સમાતર, એસ. (2024). આધુનિક સાહિત્યલેખન વિવેચન પર ડિજિટલ મીડિયા નો પ્રભાવ. અમેરિકન જર્નલ ઑફ લિટરેચર સ્ટડીઝ, 3(2), 23–33. https://doi.org/10.47672/ajls.2315
- Akram, Waseem. (2018). A Study on Positive and Negative Effects of Social Media on Society. International Journal of Computer Sciences and Engineering. 5. 10.26438/ijcse/v5i10.35135